15-10-54. Jr pch

Jinthri. Via

5276

Songad · Saurashtra

Dear Shree Masani,

Hope you had a pleasant tour in the continents.

I write this to aquaint you with regard to the general reaction here about the bifurcation of Bombay state.

The people are very sour on this point. But being passive and obedient to the authorities & leaders, keep mum, even though they agree to the three state formula as the best. The P.S.P. local leader said he would not

oppose the move for a separate Bombay State.

"The bifurcation will only bring about loss of glory & importance of Bombay City, thus dismantling business and livelihood of many. Any progress of Gujerath will be just at the cost of Bombay". This is the opinion of a small business man - non Hindu - of Bombay.

The villagers feel, sooner or later the Gujerathi families staying in Bombay will have to vacate the city. (The last riots are still

green in their memory).

A letter from the Congress President's Secretary says :- "--All possible efforts are being made to assess the public opinion"--.(dated 12-10-59).

Shree Dhebarbhai's letter d/-10.10.59.

"--- That however does not mean that those who have a view should not press it through the Congress President"! ---.

Cannot the Swatantra Party play the important role to bring to light and to coordinate the public opinion of the people all over, please?

The excuse given by many a leader here is "The Bombites should decide for themselves & they are mum". I am sure you will get a very good support for this. Even a non-entity like me could get a few resolutions passed from villages round about & at Songad. Also ~~Sihort~~ Sihor Municipality & the businessmen of Sihor also passed the resolution. However the Press does not publish the news. And the Municipalities of Bhavnagar etc are tied down by the Congress discipline.

Under the circumstances, will not

a lead for Multistates speaking one and the same language —(which may mean states of Vidarbha, Marathawada, Bombay City & the Konkan Coast & Dangs, Gujerath, & Saurashtra Cutch) will be the most congenial & also will stop the minority - majority bickerings?

I would like to know from you also whether you can help me to get distributed a leaflet of mine on this issue to the M.P.s. And if you are going to take up to this burning question, I am ready to meet you personally also.

I would like to be enrolled as a subscriber of the organ of the Swatantra Party, which may be sent V.P.P.

With regards.

Yours sincerely,

J. R. Manjeri

P.S.

I hope you will also direct your Party Convener in Saurashtra & Gujarath to agitate for a separate Bombay State & a Saurashtra State. J.R.M.

# ઠરાવ

જીલ્લાના તાલુકાના ગામ

ના પ્રજાજનોની આજ તા. ના રોજ

શ્રી. ના

પ્રમુખસ્થાને મળેલ સભા :–

મુંબઇ દ્વિભાષી રાજ્યના વિભાજનનો જે પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે તે અંગે, ઉતાવળે નિર્ણય નહિ કરતાં, લોકોને વિચારવાનો અવકાશ આપવા અને તેમ ન બની શકે તો રાજ્ય પુનઃરચના કમીશને ઠરાવ્યા મુજબ મુંબઇ, મહારાષ્ટ્ર અને ગુજરાતના ત્રણ રાજ્યો કરવામાં આવે, તેમ ઠરાવે છે.

ઠરાવ મૂકનાર ટેકો આપનાર

સભાના પ્રમુખ

કાઠિયાવાડ ટાઇમ્સ પ્રેસ, રાજકોટ

# આપઘાતનું પગલું ન ભરો

## નેતાઓ ફરી તેજ ભૂલ ન કરે.

આજ કાલ છાપામાં મુંબઈ રાજ્યનું વિભાજન આપણાં વહીવટી મંડળો દ્વારા નક્કી કરવામાં આવેલ છે, એમ સમાચારો આગ્યાજ કરે છે.

એનું મુખ્ય કારણ એમ કહેવાય છે કે મહારાષ્ટ્ર અને ગુજરાતમાં એકભાષી રાજ્ય ન રચાય એટલે કોંગ્રેસમાંથી લોકોની શ્રદ્ધા ઘટતી જાય છે. એટલે જનતાને સંતોષ આપવા માટે અને કોંગ્રેસનું વર્ચસ્વ ટકાવી રાખવા માટે આ પગલું ભરાય છે.

આ ભાગલાના દુઃખદ સમાચાર સાંભળતાંજ એમ નથી લાગતું કે આપણે પાકિસ્તાન અને હિન્દુસ્તાનના ભાગલા કર્યા તે કરતાં પણ દેશને ભવિષ્યમાં વધારે જોખમના માર્ગે લઈ જઈ ન રહ્યા હોઈએ?

કદાચિત કોંગ્રેસ પક્ષ એમ માનતો હોય કે માત્ર એકભાષી રાજ્ય ન રચાય એટલેજ મહારાષ્ટ્રમાંથી એ પક્ષ પ્રતિષ્ઠા ગુમાવી બેઠો છે. પણ એ ખરેખર એક ભ્રમણા છે. એટલુંજ નહી પણ આમ ભાગલા પાડવાથી એ પક્ષ પોતાની પ્રતિષ્ઠા વધુ ગુમાવશે નહીં?

બીજા એકભાષી રાજ્યોનો દાખલો કેરાળા, બંગાળ, આસામ, ઉત્તર પ્રદેશ, વિગેરે રાજ્યોનો છે. તે રાજ્યો એક ભાષીજ છે છતાં પણ એ રાજ્યોમાં કોંગ્રેસની પ્રતિષ્ઠા જોખમાયેલી છેજ. એમાંથી શું કલ્પના કરી શકાય? એટલે કોંગ્રેસની પ્રતિષ્ઠા ગુમાવવા માટે અનેક કારણો છે. માત્ર દ્વિભાષી મુંબઈ રાજ્ય એનું કારણ છે એમ માનવું તે ભૂલ ભરેલું છે.

અન્ય રાજકીય પક્ષો તો બહુમતી પક્ષને ઉતારી પાડવા ખાતર અને પોતાના પક્ષનું વર્ચસ્વ જમાવવા ખાતર ભાષાકીય ચળવળનો હથીઆર તરીકે ઉપયોગ કરતા આવે છે અને સાધારણ વર્ગનાં માણસો આવી ચળવળમાં દોરાઈ જાય છે. અને તેઓ તેનું મૂળ કારણ અને પરિણામની કલ્પના કરી શકતા નથી.

માત્ર વિરોધ પક્ષને બોલતા બંધ કરવા ખાતર અથવા મરાઠાવાડ અને ગુજરાતના ઝડપી વિકાસ માટે ઉતાવળ કરી આવી વિભાગીય પ્રવૃતિ કરવામાં આવે એમાં દીર્ઘદૃષ્ટિ નથી તેમ તે કોઈના પણ હિત કે લાભમાં નથી.

વિરોધ પક્ષ તો તેઓની પ્રવૃત્તિ તો છોડવાનાજ નથી. એટલે આવું પગલું તેને પ્રેરણા આપનારું નીવડશે.

મરાઠાવાડની રચના સાંભળતાજ વિદર્ભ રાજ્યને જુદું પાડવાની ચળવળ જેમ જન્મી છે, એવીજ રીતે વહેલા મોડા સૌરાષ્ટ્રની માગણી ઉપસ્થિત થશે. વળી વિદર્ભ અને સૌરાષ્ટ્રની એવી માગણી એ તદ્દન ગેરવાજબી છે એમ પણ ગણાય નહી. કારણ કે બન્ને પ્રદેશો જ્યારે અલગ રાજ્યો હતાં ત્યારે એ વધારે સુખી હતા.

ચળવળના પરિણામે વિશાળ મુંબઈ રાજ્યનું વિભાજન થાય તો પંજાબમાં ચાલી રહેલી ભાષાકીય ચળવળ વધારે ઉગ્ર સ્વરૂપ લેવાનો સંભવ છે.

એનાથી આપણને શું ખ્યાલ આવશે? વિરોધપક્ષો પોતાનું હિત એકજ નજરમાં રાખી ચળવળો ઉપાડે અને એમને સંતોષવા માગણી કરવામાં આવે તો તે વૃત્તિનો કોઈ દિવસ અંત ન આવે તે સ્વાભાવિક છે. આ રીતે આપણી માગણીઓ અને ભાવના સંકુચિત બનતી જાય અને રોજબરોજ દેશના વધારે વધારે નાના વિભાગ માટે ચળવળો ચાલ્યાજ કરે તો દેશનું અહિત થાય. માટે આવી સંકુચિત વૃત્તિ અટકે એજ માત્ર દેશના હિતમાં છે.

સમગ્ર દેશને નજર સમક્ષ રાખી આપણા નેતાઓએ વિભાગીય પ્રવૃતિથી દૂર રહેવું જોઈએ. અને જનતાએ આવી દેશને હાનિ કરે એવી ચળવળમાં ભાગ ન લેવો જોઈએ અને આપણા રાજકીય પક્ષોએ જનતાના રોજીંદા હિતમાંજ પોતાનો ફાળો આપી પોતાની સંસ્થા વધારે મજબુત બનાવવી જોઈએ. એમ આપણે સૌ ઈચ્છીએ અને એ માટે આપણે સૌ પુરેપુરો સાથ અને સહકાર આપીએ.

જીંથરી તા. ૩૧-૮-૫૯ જે. આર. મંજેરી

ભાવનગર સમાચાર પ્રેસ: